**પ્ર.નગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૮૦૪૪૨૬૦૦૮૧/૨૦૨૬ ના કામમાં અરજદાર જાડેજા હરેન્દ્રસિંહ બહાદુરસિંહની વચગાળાના તબક્કે મુદ્દામાલ મોબાઈલ પરત મેળવવાની અરજી હેઠળ હુકમ ::**

---

૦૧) અરજદારની અરજી વંચાણે લીધી. રેકર્ડ વંચાણે તેમજ ધ્યાને લીધુ. સદર કામમાં અરજદારના વિ.વ.શ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

૦૨) સદર કામમાં અરજદારના વિ. વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૧૧૨૦૮૦૪૪૨૬૦૦૮૧/૨૦૨૬, જુગારધારા કલમ-૧૨ મુજબનો ગુનો નોંધાયેલ છે જે ગુનાના કામે ગુનામાં સંડોવાયેલ મોબાઈલ ફોન રીયલમી સી-૮૫ પજી મોડલનો પોલીસે પંચનામાની વિગતે કબ્જે કરેલ હોય, જે અરજદારની માલિકીની વસ્તુ હોય, રોજબરોજના ઉપયોગનું સાધન હોય, યાંત્રીક સાધન હોય અને વધુ સમય પોલીસ સ્ટેશનમાં પડી રહેવાથી ખરાબ થઈ જવાની ભીતી રહેતી હોય, વચગાળાની મુદ્દામાલ પરત કરવાની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

૦૩) આ કામે વિ.એ.પી.પી.શ્રી દ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, હાલમાં ગુનાની તપાસ ચાલુ છે તે સંજોગોમાં જો અરજદાર/આરોપીને તેમનો મુદ્દામાલ મોબાઈલ પરત આપવામાં આવશે તપાસ પ્રભાવિત થાય તેમ છે તેમજ અરજદાર/આરોપી મુદ્દામાલ મોબાઈલનો ફરી આવા પ્રકારના ગુનાઓમાં ઉપયોગ કરે કે ભવિષ્યમાં ટ્રાયલ સમયે મુદ્દામાલ રજુ કરે નહીં તેવી પુરેપુરી શક્યતાઓ રહેલી હોય અરજી નામંજૂર કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

૦૪) આ કામે રજુ થયેલ સોગંદનામુ ધ્યાને લેતાં, મોબાઈલ ખરીદીનુ બીલ ખોવાઇ ગયેલ છે અને તે અંગે સોગંદનામુ રજુ કરેલ છે જે ધ્યાને લેતાં, હાલના અરજદારની માલિકીનો મોબાઈલ હોવાનું ફલીત થાય છે ત્યારે સદરહું મુદ્દામાલ યાંત્રીક સાધન હોય, વધુ સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો નુકશાન થવાની તથા ખરાબ થઈ જવાની ભીતી રહેલ છે. તે ઉપરાંત અરજદાર સિવાય અન્ય કોઈ વ્યકિતએ સદરહું મુદ્દામાલ મોબાઇલ ફોનની માંગણી કરેલ નથી. આમ, સમગ્ર હકીકત ધ્યાને લેતાં મુદ્દામાલ મોબાઈલ ફોન રીયલમી સી-૮૫ પજી મોડલ હાલના અરજદારની

માલિકીનો હોવાનું પ્રથમ દર્શનિય રીતે ફલીત થાય છે. તે સંજોગોમાં ***નામ.સુપ્રિમકોર્ટનાં ૨૦૦૩(૧) જી.એલ.આર. પાના નં.૩૦૭ નાં સુંદરભાઈ આંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજય***ના ચુકાદાને લક્ષમાં લેતાં સદરહું મુદ્દામાલ હાલના અરજદારને યોગ્ય શરતોને આધિન વચગાળાના સમય માટે પરત સોંપવો ન યાયીક જણાતું હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

અરજદારની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

રાજકોટ શહેર પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૧૧૨૦૮૦૪૪૨૬૦૦૮૧/૨૦૨૬ , જુગારધારા કલમ-૧૨ મુજબના ગુનાના કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ ફોન રીયલમી, સી-૮૫, ૫જી મોડલનો છે તે અરજદાર **જાડેજા હરેન્દ્રસિંહ બહાદુરસિંહ** ને મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ કિમંતથી દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન વચગાળાના તબકકે અરજદારને સોંપવા હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

(૧) અરજદારે જ્યારે કોર્ટ ફરમાવે ત્યાં અને ત્યારે મુદ્દામાલ મોબાઈલ પોતાના ખર્ચે કોર્ટમાં રજુ કરવાનો રહેશે.

(૨) મુદ્દામાલ મોબાઈલનો કોઈપણ ગુનાહીત પ્રવૃતિમાં ઉપયોગ કરવો-કરાવવો નહીં.

(૩) આ કેસનો નિકાલ ન થાય ત્યાંસુધી મુદ્દામાલ મોબાઈલ અન્ય કોઈને વેચાણ/ગીરો/બક્ષીસ કે અન્ય કોઈ રીતે તબદીલ કરવો-કરાવવો નહીં.

(૪) મુદ્દામાલ મોબાઈલની ઓળખ કે સ્વરૂપમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવો, કરાવવો નહીં.

ઉપરોકત હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશનમાં કરવી.

હુકમ આજરોજ તારીખ-**૨૦**, માહે-**માર્ચ**, સને-**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

તા:૨૦/૦૩/૨૦૨૪

**(અભય સંજય ખંડેલવાલ)**
૭માં અધિક જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
રાજકોટ.
UIC NO. GJ01662